| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૭/૦૨/૨૦૨૩ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૭/૦૨/૨૦૨૩ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૧ – ૦૧ – ૦૨ |

**નામદાર મજુર અદાલત નં. ૧ જામનગરના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ,**

**મુકામ: જામનગર**

**રેફરન્સ (ટી) નં. ૨૭/૨૦૨૩**

**આંક : ૧૪**

અરજદાર : બાબુભાઈ મુળજીભાઈ પરમાર
વ્રજ વિહાર, ફ્લેટ નં.૧૦૧, પ્લોટ નં.૮૮,
આર્ય સમાજ રોડ, જામનગર
C/O મજુર મહાજન સંઘ, જામનગર

**<u>વિરુધ્ધ</u>**

સામાવાળા : સ્વાન સ્વીટ પ્રા.લીમીટેડ
શાહ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સર્વે નં.૧૨૬,
શેડ નં.એસ.સી.ડી., જામખંભાળીયા હાઈવે,
પો.વસઈ, જી.જામનગર

**વિષય:–** ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે

---

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | વિ.પ્રતિનિધિશ્રી પી.આર.જોશી |
| સામાવાળા તર્ફે | : | વિ.વકીલ શ્રી કે.એચ.શેઠ |

---

**–::એવોર્ડ ::–**

(૧) અરજદાર અને સામાવાળા વચ્ચે ઉદ્દભવેલ વિવાદ નાયબ શ્રમ આયુકતશ્રી, જામનગરનાઓની કચેરી દ્વારા તેમના હુકમ ક્રમાંક: એ.કે.એચ.એલ. સી./આર.એ.જે./૮૩/૨૦૨૨ આર.ટી., તા.૧૯/૦૧/૨૦૨૩ થી અત્રેની કોર્ટ સમક્ષ ન્યાય–નિર્ણય માટે મોકલવામાં આવેલ છે. આ રેફરન્સની અનુસૂચીની વિગત નીચે મુજબ છે.

'' બાબુભાઈ મુળજીભાઈ પરમારને તા.૦૮/૦૫/૨૦૨૨ થી કોઈપણ જાતના વાંક ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લઈ લેવા જોઈએ કે કેમ ?''

આમ આ બાબત ન્યાય–નિર્ણય થવા આ કોર્ટ સમક્ષ મોકલવામાં આવેલ છે.

(૨) આ કામે અરજદારના વિ. પ્રતિનિધિઓની સહી કરીને આંક–૧૩ થી વિથડ્રો પુરસીસ રજૂ કરવામાં આવેલ છે. સદર પુરસીસમાં જણાવવામાં આવેલુ છે કે, આ કામે સામાવાળા સાથે બારોબાર સમાધાનથી વિવાદ નો સુખદ અંત આવેલ છે. આવા સંજોગોમાં હવે કામ આગળ ચલાવવા પાત્ર ન હોય ભવિષ્યમાં હકક ઉપસ્થિત કરવાના હકકને અબાધિત રાખી હાલનો વિવાદ પરત

ખેંચવા પરવાનગી માંગીએ છીએ.

(૩) અરજદાર તરફે આંક–૧૩ થી રજૂ કરેલ વિથડ્રો પુરસીસને ધ્યાને લેતા, અરજદાર પક્ષે હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નહિ હોવાનું જણાવેલુ છે. આથી હાલનો કેસ વિથડ્રો કરવા પરવાનગી માંગેલી છે. અદાલતનું માનવુ છે કે, અરજદાર પક્ષ હાલનો વિવાદ આગળ ચલાવવા માંગતા ન હોવાથી વિવાદ વિથડ્રો કરવા પરવાનગી આપવી ન્યાયિક અને વ્યાજબી જણાય છે. અરજદારના વિધ્વાન પ્રતિનિધીશ્રીએ હાલનો કેસ લોક અદાલતમાં વિથડ્રો કરવા વિનંતી કરેલી છે, જે સંજોગોમાં હાલનો કેસ આજરોજ લોક અદાલતમાં વિથડ્રોથી ફેંસલ કરવામાં આવે છે.

તા. ૦૯/૦૩/૨૦૨૪
જામનગર.

(તેજસ જીતેન્દ્રભાઈ પટેલ)
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૧, જામનગર
આઈ.ડી.નં.જીજે–૦૦૯૫૯

એમ.કે.નાકિયા
સ્ટેનોગ્રાફર